ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## અખબારી યાદી

# COVID-19 ની પરિસ્થિતિમાં રાજ્ય સરકાર દ્વારા વિદ્યાર્થીઓના હિતમાં ધોરણ-૯ થી ૧૨ ના અભ્યાસક્રમમાં ઘટાડો કરવાનો નિર્ણય

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની અખબારી યાદી જણાવે છે કે માનનીય શિક્ષણમંત્રીશ્રીના અધ્યક્ષ સ્થાને કોવિડ-૧૯ ની પ્રવર્તમાન પરિસ્થિતિમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ માટે શાળાઓમાં શૈક્ષણિક કાર્યના દિવસો અને અભ્યાસક્રમમાં ઘટાડો કરવા અંગે વિચારણા માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ખાતે શિક્ષણ વિભાગના અધિકારીશ્રીઓની ઉપસ્થિતિમાં તા.૨૩/૦૭/૨૦૨૦, ૨૦/૦૮/૨૦૨૦ અને ૧૧/૦૯/૨૦૨૦ના રોજ બેઠકો યોજાયેલ હતી. તા.૨૯/૦૯/૨૦૨૦ ના રોજ STTI, ગાંધીનગર ખાતે માનનીય શિક્ષણ મંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને આ અંગે વિચારણા કરવા માટે બેઠક યોજાઈ હતી. જેમાં શિક્ષણવિદો તેમજ જુદા જુદા વિષયના તજજ્ઞશ્રીઓ અને અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ઉક્ત બેઠકોમાં કોવિડ-૧૯ ની પરિસ્થિતિના કારણે શાળાઓમાં પ્રત્યક્ષ શૈક્ષણિક કાર્ય થઇ શકેલ નથી પરંતુ ઓનલાઈન શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓને શિક્ષણ આપવાની કામગીરી અલગ અલગ માધ્યમો દ્વારા કરવામાં આવી છે. પ્રવર્તમાન પરિસ્થિતિમાંCBSE તેમજ અન્ય રાજ્યોના બોર્ડ દ્વારા અભ્યાસક્રમમાં ઘટાડો કરવામાં આવેલ છે તેમજ વિદ્યાર્થીઓ અને વાલીઓ દ્વારા પણ અભ્યાસક્રમમાં ઘટાડો કરવાની રજૂઆતો મળેલ છે. સમગ્રતયા ઊંડાણપૂર્વકની વિચારણા કરીને COVID-19 ની પ્રવર્તમાન પરિસ્થિતિમાં વિદ્યાર્થીઓના હિતમાં રાજ્ય સરકાર દ્વારા ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી

તમામ શાળાઓમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ માટે ધોરણ-૯ થી ૧૨માં અભ્યાસક્રમમાં અંદાજિત 30% જેટલો ઘટાડો કરવા અંગેનો નિર્ણય લેવામાં આવેલ છે. જેથી વિદ્યાર્થીઓનો તનાવ ઘટાડી શકાશે અને ધોરણ-૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષાની તૈયારી સારી રીતે કરી શકશે.

ધોરણ-૯ થી ૧૨ના અભ્યાસક્રમમાંથી ઘટાડેલ મુદ્દાઓ પરીક્ષાના હેતુ માટે ઘટાડેલ છે એટલે કે તે મુદ્દા અભ્યાસક્રમમાંથી રદ્દ કરવામાં આવેલ છે. તેમાંથી પરીક્ષામાં પ્રશ્નો પૂછવામાં આવશે નહી, પરંતુ વિદ્યાર્થીઓના શૈક્ષણિક હિતમાં શિક્ષકોએ આ મુદ્દાઓનું જ્ઞાન વિદ્યાર્થીઓને આપવાનું રહેશે. આ બાબત વર્ષ ૨૦૨૦-૨૧ ના શૈક્ષણિક વર્ષ માટે જ લાગુ પડશે. અભ્યાસક્રમમાં ઘટાડો કરતી વખતે લીંક પ્રકરણો/ટોપિક રદ્દ ન થાય તથા સ્પર્ધાત્મક પરીક્ષામાં વિદ્યાર્થીઓને મુશ્કેલી ન પડે તે બાબતનું ધ્યાન રાખવામાં આવેલ છે.

આ અંગે વિગતવાર પરિપત્ર ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા કરવામાં આવશે. જેમાં ધોરણ-૯ થી ૧૨ ના વિષયોના અભ્યાસક્રમમાં ચાલુ રાખેલ પ્રકરણો/મુદ્દાઓ તેમજ અભ્યાસક્રમમાંથી રદ્દ કરેલ પ્રકરણો/મુદ્દાઓની વિગતો તમામ જિલ્લાશિક્ષણાધિકારીશ્રીઓ મારફતે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી તમામ શાળાઓને મોકલી આપવામાં આવશે. આ વિગતો બોર્ડની વેબસાઈટ પર પણ મૂકવામાં આવશે.

સંયુક્ત નિયામક<br>
ગુજરાત માધ્યમિક અને<br>
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,<br>
ગાંધીનગર.

સ્થળ: ગાંધીનગર<br>
તારીખ: ૦૫/૧૦/૨૦૨૦

તા ૦6/10/2020

પ્રતિ<br>
આચાર્યશ્રી,<br>
સુરત જિલ્લાની તમામ મા. અને ઉ. મા. શાળાઓ<br>
સુરત.<br>
સ-જાણ તથા અમલ થવા સારૂ....

જિલ્લા શિક્ષણાધિકારી,<br>
સુરત, જિલ્લો. સુરત.

F:\PC DATA\... અભ્યાસક્રમ ઘટાડો તા.૦૫.૧૦.૨૦૨૦.docx

૧૦૨૫